# યમુના એક્સપ્રેસવે પર ચાલુ બસ બની આગનો ગોળો: 9 જીવતા ભૂંજાયા





**કંઈક** બળવાની વાસ આવી રહી હોવાની ચેતવણીઓ ડ્રાઇવર-કંડક્ટરે અવગણી "મરવું હોય તો મરો..." કહી ભાગી છૂટેલા ડ્રાઈવર-કંડક્ટરની ધરપકડ

નોઇડા, તા. 24 (PTI) દિલ્હીથી ઉત્તર પ્રદેશના મહોબા જઈ રહેલી એક બસમાં ગ્રેટર નોઇડામાં યમુના એક્સપ્રેસવે પર આગ લાગતાં નવ મુસાફરો જીવતા ભૂંજાઈ ગયા હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

બુધવારે મોડી રાત્રે બનેલી આ ઘટના અંગે બસના ડ્રાઈવર અને કંડક્ટરની ધરપકડ કરવામાં આવી છે.

એફઆઈઆર મુજબ, કંઈક બળવાની વાસ આવી રહી હોવાની જાણ કરવા છતાં તેઓએ બસ રોકવાનો ઈનકાર કર્યો હતો અને મુસાફરોને કહ્યું હતું કે, "તમારે મરવું હોય તો મરો, પણ અમે બસ નહીં રોકીએ."

35 મુસાફરોને લઈને જઈ રહેલી આ બસમાં જ્વાળાઓ ઊઠી અને ધુમાડો ભરાવા લાગ્યો, જેના કારણે બહાર નીકળવા માટે અફરાતફરી મચી ગઈ હતી. આ દરમિયાન ડ્રાઈવર અને કંડક્ટર ભાગી જવામાં સફળ રહ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસ મુજબ, બસની એર-કન્ડિશનિંગ સિસ્ટમમાં સ્પાર્ક અથવા વિસ્ફોટના કારણે આ આગ લાગી હોઈ શકે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ અકસ્માતમાં થયેલી જાનહાનિ અંગે શોક વ્યક્ત કર્યો હતો.

ચીફ ફાયર ઓફિસર પ્રદીપ કુમારે જણાવ્યું કે, બીઆર32પીએ8647 રજિસ્ટ્રેશન નંબર ધરાવતી આ બસ નવી દિલ્હીના કશ્મીરી ગેટથી મહોબા તરફ જઈ રહી હતી, ત્યારે જેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક્સપ્રેસવે પર 33-કિમીના માઈલસ્ટોન નજીક તેમાં આગ લાગી હતી.

કુમારે કહ્યું, "માહિતી મળતાંની સાથે જ પોલીસ અધિકારીઓ, સ્થાનિક પોલીસ કર્મચારીઓ, એક રેસ્ક્યુ ટેન્ડર, જેવર ટોલ પ્લાઝા પર તૈનાત એક ફાયર ટેન્ડર અને અન્ય ચાર ફાયર ટેન્ડર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો."

# પંજાબ, હરિયાણાની શાળાઓમાં બોમ્બની ધમકીથી ખળભળાટ

**તપાસ** બાદ કોઈ પણ સ્થળેથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી

ફિરોઝપુર/પંચકુલા, તા. ૨૪ (પીટીઆઈ) પંજાબ અને હરિયાણાની કેટલીક શાળાઓને ગુરુવારે ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી, જેના પગલે શાળા પરિસરોને ખાલી કરાવવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ પણ સ્થળેથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પંજાબના ફિરોઝપુર સ્થિત ગવર્નમેન્ટ ગર્લ્સ સ્કૂલ, જે 'સ્કૂલ ઓફ એમિનન્સ' તરીકે ઓળખાય છે, તેને તેના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર અજ્ઞાત ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી.

સ્કૂલ મેનેજમેન્ટે તાત્કાલિક પોલીસ અને વહીવટીતંત્રને જાણ કરી હતી, જેના આધારે પોલીસ ટીમો પરિસર પહોંચી હતી અને સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલે શાળા પરિસરને ખાલી પણ કરાવવામાં આવ્યું હતું.

હરિયાણાના પંચકુલાની પણ ઓછામાં ઓછી બે ખાનગી શાળાઓને બોમ્બની ધમકી આપતા ઈ-મેઈલ મળ્યા હતા, જેના કારણે પોલીસે શાળાના મકાનો, વર્ગખંડો, કેમ્પસ અને આસપાસના વિસ્તારોમાં કોઈ શંકાસ્પદ વસ્તુ માટે તપાસ હાથ ધરી હતી.

ધમકીભર્યો ઈ-મેઈલ મેળવનારી શાળાઓમાંથી એક શાળામાં પહોંચેલા પંચકુલાના એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કેમ્પસમાં અથવા મકાનમાં કઈ પણ શંકાસ્પદ મળી આવ્યું નથી, જેને એલર્ટ બાદ ખાલી કરાવવામાં આવ્યું હતું.

ફિરોઝપુરમાં પણ પોલીસે શાળા પરિસરની વિગતવાર તપાસ કરી હતી પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી.

ફિરોઝપુર શાળાના પ્રિન્સિપાલ રાજેશ મહેતાએ જણાવ્યું હતું કે, ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી.

# તુર્કી-ઇરાન સરહદ પર સેંકડો ટ્રકોની લાંબી લાઇન લાગી



**અમેરિકાએ** દરિયાઇ માર્ગ પર નાકાબંધી કરતા ઇરાન હવે તેની ઘણી આયાત જમીન માર્ગે કરી રહ્યું છે

**તુર્કી** સાથેના સરહદી માર્ગે વાહનો ખૂબ વધી જતાં લાંબો જામ સર્જાયો

ગુરૂબુલક સરહદી ક્રોસિંગ(તુર્કી), ૨૪ સપ્ટેમ્બર (AP): તુર્કીની પૂર્વમાં આવેલી પહાડી સરહદેથી ઈરાન તરફ જતાં રસ્તા પર સેંકડો ટ્રકો થંભી ગઈ છે. સામાન્ય દિવસોમાં પણ ધમધમતી આ બંને દેશો વચ્ચેની સૌથી મોટી સરહદ ચોકી, હવે અમેરિકાની નેવી દ્વારા ઈરાની બંદરોની નાકાબંધી કરાયા બાદ તેહરાન માટે એક અત્યંત મહત્વપૂર્ણ આર્થિક જીવાદોરી બની ગઈ છે.

ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને જમીન માર્ગે થતા વેપારને ઝડપી બનાવવા દબાણ કર્યું છે, કારણ કે નાકાબંધીને કારણે મોટાભાગની આયાત મર્યાદિત થઈ ગઈ છે અને ઈરાન જેવા દેશના અર્થતંત્રને મુખ્યત્વે જીવંત રાખતા તેલ અને ગેસના વેચાણને પણ રોકી દેવામાં આવ્યું છે. આ ઈરાન માટે તેની સહનશક્તિની વધુ એક પરીક્ષા સમું છે. નિરાશ થયેલા ઈરાની ટ્રક ડ્રાઇવરોએ તુર્કી સરહદ ચોકી પર એસોસિએટેડ પ્રેસ(AP) સાથે વાત કરી હતી, જ્યાં હવે માઇલો લાંબી લાઇન લાગી છે. મિશ્ર રબરનો જથ્થો લઈને ઈરાન જઈ રહેલા ૫૫ વર્ષીય રિઝા શિરીએ જણાવ્યું કે, "હું છેલ્લા ૧૫ વર્ષથી આ બોર્ડર ગેટ પરથી ગાડી ચલાવું છું. મેં ક્યારેય આટલી લાંબી રાહ જોવી પડી નથી. અમારે સાત કિલોમીટર લાંબી લાઇનની પાછળ ઊભા રહેવું પડ્યું હતું. સામાન્ય રીતે અમારે અહીં વધુમાં વધુ ત્રણ દિવસ રાહ જોવી પડતી હતી. યુદ્ધના કારણે હવે રાહ જોવાનો સમય પાંચ દિવસથી પણ વધી ગયો છે.

ઈરાન અમેરિકા પર પોતાના દેશને નબળો પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવી રહ્યું છે. અને ઈરાન ભારપૂર્વક કહે છે કે આ દબાણ વોશિંગ્ટન સાથેની વાટાઘાટોમાં તેના વલણને બદલી શકશે નહીં.

# મહાદેવ એપ હજી પણ સક્રિય છે

**10 વર્ષમાં ₹94,400 કરોડની ગેરકાયદે કમાણી, EDનો ચોંકાવનારો ધડાકો**

નવી દિલ્હી/રાયપુરઃ રાયપુરની એક અદાલતમાં ઈડીએ માહિતી આપી છે કે, મહાદેવ ઓનલાઇન સટ્ટાબાજી એપ અને તેની સહયોગી વેબસાઇટોએ છેલ્લાં 10 વર્ષમાં કથિત રીતે ₹94,400 કરોડની ગુનાહિત આવક મેળવી છે. આ મુખ્ય પ્લેટફોર્મ હજી પણ કાર્યરત છે અને મોટી સંખ્યામાં પેનલ ચલાવી રહ્યું છે.

કેન્દ્રીય એજન્સીએ છત્તીસગઢની રાજધાનીમાં સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) કોર્ટ સમક્ષ થોડા દિવસો પહેલા દાખલ કરેલી છઠ્ઠી ચાર્જશીટમાં આ દાવો કર્યો છે, જેમાં કુલ 42 વ્યક્તિઓ અને કંપનીઓને આરોપી બનાવવામાં આવ્યા છે.

અદાલતને જણાવાયું હતું કે, મહાદેવ એપ–જેના મુખ્ય પ્રમોટર્સ અને પેનલ સભ્યો મધ્ય ભારતના આ રાજ્યના વતની છે–વિદેશમાં હોસ્ટ કરાયેલી ગેરકાયદે સટ્ટાબાજીની વેબસાઇટોનું એક જૂથ છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, 'મહાદેવ ઓનલાઇન બુક' તરીકે પણ ઓળખાતી આ એપ બંધ વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપ તેમજ ફેસબુક પેજ દ્વારા આ સટ્ટાબાજીની વેબસાઇટોની જાહેરાત કરતી હતી અને સટ્ટાબાજી તથા મનોરંજન દ્વારા ઝડપી પૈસા કમાવવા માટે હજારો યુવાનોને આકર્ષિત કરતી હતી.

છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં નોંધાયેલી સાત પોલીસ એફઆઈઆરની નોંધ લઈ એજન્સીએ ઓક્ટોબર 2022માં પીએમએલએ હેઠળ ફોજદારી કેસ દાખલ કર્યો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ, ઈડીએ ચાર્જશીટમાં કહ્યું છે કે, "પીએમએલએ, 2002 હેઠળની તપાસના તાજેતરના તારણો મુજબ, એવું જાણવા મળ્યું છે કે મહાદેવ ઓનલાઇન બુકિંગ એપ્લિકેશન હજી પણ કાર્યરત છે અને મોટી સંખ્યામાં પેનલ ચલાવી રહી છે."




## 'વેલકમ' ફેમ અભિનેતા મુશ્તાક ખાનનું લિવરના કેન્સરથી નિધન



મુંબઈ, તા. 24: 'વેલકમ', 'આશિકી', 'મુઝસે શાદી કરોગી' અને 'હમ હૈં રાહી પ્યાર કે' જેવી ફિલ્મોમાં પોતાના અભિનય માટે જાણીતા અભિનેતા મુશ્તાક ખાનનું આજે ગુરુવારે નિધન થયું છે. તેઓ લિવરના કેન્સરની સારવાર દરમિયાન છેલ્લા 15 દિવસથી હોસ્પિટલમાં દાખલ હતા. તેમના બિઝનેસ પાર્ટનર શિવમે આ સમાચારની પુષ્ટિ કરી હતી. અભિનેતાને મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. શિવમના જણાવ્યા અનુસાર, મુશ્તાક ખાનને આશરે પાંચ વર્ષ પહેલાં કેન્સરનું નિદાન થયું હતું. તાજેતરમાં આ બીમારી ફરી ઊથલો મારતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## શાહરૂખ ખાનની સંપત્તિ 2,500 કરોડ ઘટી



**અમિતાભ** બચ્ચન બીજા ક્રમે; સલમાન ખાને રૂ.3,000 કરોડની નેટવર્થ સાથે યાદીમાં કરી પહેલીવાર એન્ટ્રી

મુંબઈ, તા. 24 હુરુન ઇન્ડિયા રિચ લિસ્ટ 2026માં શાહરૂખ ખાન ફરી એકવાર દેશના સૌથી ધનિક ભારતીય અભિનેતા તરીકે ઊભરી આવ્યો છે. હુરુન રિપોર્ટ અનુસાર, શાહરૂખ ખાનની કુલ સંપત્તિ 10,000 કરોડ રૂપિયા નોંધાઈ છે. આ યાદીમાં 4,000 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે અમિતાભ બચ્ચન બીજા ક્રમે છે. જ્યારે એક્ટર સલમાન ખાને 3,000 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે પ્રથમ વખત આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત ઋતિક રોશન પણ 2,500 કરોડ રૂપિયાની સંપત્તિ સાથે દેશના સૌથી ધનિક એક્ટર્સની યાદીમાં સ્થાન ટકાવી રાખવામાં સફળ રહ્યો છે. શાહરૂખ ખાનની કુલ 10,000 કરોડ રૂપિયાની સંપત્તિમાં તેમની પ્રોડક્શન કંપની 'રેડ ચિલીઝ એન્ટરટેઇનમેન્ટ' અને આઈપીએલ ટીમ 'નાઇટ રાઇડર્સ સ્પોર્ટ્સ'નું મોટું યોગદાન છે.

## લાલબાગના રાજાના દરબારમાં પહોંચ્યો આયુષ્માન ખુરાના



મુંબઈ, તા. 24: ગણેશ ઉત્સવ દરમિયાન મુંબઈના પ્રસિદ્ધ લાલબાગના રાજા પંડાલમાં સતત બોલિવૂડ અને ફિલ્મ જગતની હસ્તીઓ પહોંચી રહી છે. બુધવારે ગોવિંદાના પુત્ર યશવર્ધન અને પુત્રી ટીનાએ પણ ગણપતિ બાપ્પાના દર્શન કર્યા હતા. અનંત અંબાણીએ પણ લાલબાગચા રાજાના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. દરમિયાન મંગળવારે એક્ટર આયુષ્માન ખુરાના પણ લાલબાગના રાજાના દર્શન કરવા પહોંચ્યો હતો. આયુષ્માન ખુરાનાએ બાપ્પાના આશીર્વાદ લઈને મસ્તક પર તિલક લગાવ્યું હતું. લાલબાગના રાજાના સત્તાવાર કાર્યક્રમ મુજબ, 2026માં ગણપતિની સ્થાપના 14 સપ્ટેમ્બરે થઈ હતી. 25 સપ્ટેમ્બરે વિસર્જન થશે.

# ચીન પાસે અમેરિકી બનાવટના F-35 જેટના ભાગો પહોંચી જતા ખળભળાટ



**ઓસ્ટ્રેલિયાથી** અમેરિકા સમારકામ માટે મોકલાઇ રહેલા આ ભાગોનું શિપમેન્ટ ચીનના કબજા હેઠળના હોંગકોંગમાં પહોંચી ગયું

**ઓસ્ટ્રેલિયન** સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આ શિપમેન્ટમાં કોઇ સંવેદનશીલ ભાગો નહીં હતા: પેન્ટાગોને તપાસ શરૂ કરી

વોશિંગ્ટન, 24 સપ્ટેમ્બર (AP): પેન્ટાગોન આ અંગે તપાસ કરી રહ્યું છે કે દેશના સૌથી અત્યાધુનિક ફાઈટર જેટના ભાગો હોંગકોંગ કેવી રીતે પહોંચ્યા. બુધવારે એક સમાચાર માધ્યમે અહેવાલ આપ્યો હતો કે ચીને F-35 જેટના સાધનો મેળવી લીધા છે.

F-35 જોઈન્ટ પ્રોગ્રામ ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે અને સંરક્ષણ મંત્રાલય F-35 ના ભાગો સાથે જોડાયેલી શિપમેન્ટ સમસ્યાથી વાકેફ છે. ઓફિસે જણાવ્યું, આ ભાગોને પાછા મેળવવા, ઘટનાની તપાસ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે સુરક્ષાત્મક પગલાં લેવા અંગે અમે અમેરિકી અધિકારીઓ અને ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

# જિનપિંગ માટેના ડિનરમાં અમેરિકી વાનગીઓ સાથે ચીની પાકકલાનું મિશ્રણ

**વ્હાઇટ** હાઉસમાં યોજાનાર રાત્રિભોજનની તૈયારીઓની આગેવાની અમેરિકાના પ્રથમ સન્નારી મેલાનિયાએ લીધી

વોશિંગ્ટન, તા. ૨૪(પીટીઆઈ): રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુરુવારે ચીનના તેમના સમકક્ષ શિ જિનપિંગના સન્માનમાં એક ભવ્ય રાત્રિભોજનનું આયોજન કરવા જઈ રહ્યા છે, જેમાં અમેરિકન સામગ્રી અને બારીક ચીની પ્રભાવનું મિશ્રણ ધરાવતી વાનગીઓ પીરસવામાં આવશે, જે બંને દેશોની પાકકળાની પરંપરાઓને રજૂ કરશે.

અમેરિકાના પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પે વાઈટ હાઉસના ઈસ્ટ રૂમમાં રાત્રિભોજનની તૈયારીઓની વ્યક્તિગત રીતે આગેવાની લીધી હતી. આ રાત્રિભોજનમાં ચીનના પ્રથમ મહિલા પેંગ લિયુઆન અને સત્તાવાર પ્રતિનિધિમંડળો તેમજ વ્યાપારી નેતાઓ હાજરી આપશે.

ભોજનની શરૂઆત ૧૯૭૨માં બેઈજિંગમાં પ્રમુખ નિક્સન અને પ્રીમિયર ઝોઉ એન્લાઈ દ્વારા કરાયેલા ઐતિહાસિક "ટોસ્ટ ટુ પીસ" (શાંતિ માટેના ટોસ્ટ) ના સન્માનમાં શ્રામ્સબર્ગ "બ્લેન્ક ડી નોઈર" નામના વાઈનની ચિયર્સ(ટોસ્ટ) સાથે થશે. પ્રથમ મહિલાના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે, "એ જ ઐતિહાસિક મેળાવડામાં પીરસવામાં આવેલ અમેરિકન સ્પાર્કલિંગ વાઈન આજે પણ વાઈટ હાઉસના કાર્યક્રમોમાં માણવામાં આવે છે." પ્રથમ કોર્સ તરીકે પીળા શક્કરિયામાંથી બનાવેલું એક શુદ્ધ અને સિલ્કી-સ્મૂથ સૂપ પીરસવામાં આવશે. આ વાનગીમાં તાજી વનસ્પતિઓ સાથે સાંતળવામાં આવેલા જંગલી મશરૂમના મોસમી સ્વાદનો ઉછેર કરવામાં આવ્યો છે. આ સામગ્રીઓ સાથે મળીને એક સમૃદ્ધ વાનગી (ફ્રિકાસી) બનાવે છે, જે ક્રિસ્પી પેન્સેટા સાથે મસાલેદાર અને સ્મોકી સ્વાદ પૂરો પાડે છે. ઉપરથી લીલી ડુંગળીના તેલનો છંટકાવ વાનગીમાં એક અલગ જ ચમક અને સુગંધ ઉમેરે છે.

બીજો કોર્સ તાજી 'સી બાઝ'(માછલી) સાથે બનાવવામાં આવ્યો છે અને તેના પર શેકેલા તલનું કોટિંગ કરવામાં આવ્યું છે. આ સંયોજન માછલીને નરમ રાખવાની સાથે સાથે એક સુગંધિત સ્વાદ આપે છે. આ માછલીને કુરકુરી બેબી બોક ચોય (ચીની કોબી) અને શેકેલા રીંગણ સાથે પીરસવામાં આવે છે, જે તેને હળવો કેરેમેલાઈઝ્ડ સ્વાદ આપે છે. વાનગીને તાજી વનસ્પતિઓના વાઈબ્રન્ટ 'સોસ વર્ટે' (લીલી ચટણી) સાથે પૂરી કરવામાં આવે છે, જે તેમાં થોડી ખટાશ અને બગીચા જેવી તાજગી ઉમેરે છે. મીઠાઈના કોર્સમાં સમૃદ્ધ અખરોટ ફ્રાંગીપેન પર સેટ કરેલું અને ચેરીના સ્વાદવાળું સિલ્કી વનિલા ક્રીમેક્સ પીરસવામાં આવશે. ફળના આકારની આ મીઠાઈની સાથે વાઈટ હાઉસમાં જ ઉત્પાદિત મધમાંથી બનેલો આઈસ્ક્રીમ પીરસવામાં આવશે.

# ઝેલેન્સ્કી: ભારત સહિત 47 દેશોના નાગરિકોને યુદ્ધમાં હોમી રહ્યું છે રશિયા

**યુએનની** સામાન્ય સભાને સંબોધન કરતા યુક્રેનિયન પ્રમુખે કહ્યું કે યુક્રેનને અનેક દેશોના યુદ્ધ કેદીઓ મળી રહ્યા છે

**૪૭** દેશોના પ્રતિનિધિઓને સીધી અપીલ કરતા ઝેલેન્સ્કીએ કહ્યું કે તમારા નાગરિકોને પુતિનની જાળમાં ફસાવા ન દ

સંયુક્ત રાષ્ટ્ર, તા. 24(PTI): રશિયા યુક્રેન વિરુદ્ધના તેના યુદ્ધમાં લડવા માટે ભારત અને અન્ય 40થી વધુ દેશોના નાગરિકોનો ઉપયોગ કરી રહ્યું છે, તેમ પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને જણાવ્યું હતું અને આ દેશોને વિનંતી કરી હતી કે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને તમને આ યુદ્ધમાં ઘસડવા ન દો.

"...અને અત્યારે, હું યુરોપ સાથે વાત કરવા માંગતો નથી. હું એવા દેશો સાથે વાત કરવા માંગુ છું કે જેના લોકોનો ઉપયોગ રશિયા અન્ય એક અત્યંત ક્રૂર અભિયાનમાં કરવાનો પ્રયાસ કરી શકે છે," ઝેલેન્સ્કીએ બુધવારે યુએન મહાસભાના 81મા સત્રની સામાન્ય ચર્ચામાં પોતાના સંબોધન દરમિયાન આ મુજબ કહ્યું હતું.

તેમણે કહ્યું કે યુક્રેનને માત્ર ઉત્તર કોરિયા જ નહીં, પરંતુ અન્ય કેટલાય દેશોના યુદ્ધ કેદીઓ મળી રહ્યા છે. "અમે જાણીએ છીએ કે રશિયા તેના યુદ્ધમાં 47 દેશોના નાગરિકોનો ઉપયોગ કરે છે. આ યુદ્ધમાં ઘાના, નેપાળ, તાજિકિસ્તાન, ભારત, યમન, કેન્યા, ઝિમ્બાબ્વે, ક્યુબા, બેલારૂસ, સુદાન, દક્ષિણ આફ્રિકા અને બીજા ઘણા બધા દેશો સામેલ છે. અને સમયાંતરે, અમને ચોક્કસ યુદ્ધ કેદીઓને સ્વદેશ પાછા મોકલવાની વિનંતીઓ મળે છે," ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે યુક્રેન જાણે છે કે યુદ્ધમાં લડી રહેલા અન્ય દેશોના લોકો યુદ્ધભૂમિ પર પોતાના જીવ ગુમાવી રહ્યા છે.

**ઇરાન યુદ્ધ દરમિયાન સમુદ્રમાં તૈનાતી લંબાવવામાં આવતાં**

# યુએસએસ લિંકન ગ્રુપના 8 નાવિકોએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો

વોશિંગ્ટન, તા. 24 (AP) ઈરાન યુદ્ધમાં મદદ કરવા માટે સમુદ્રમાં રેકોર્ડબ્રેક સતત સમય વિતાવનાર યુએસએસ એબ્રાહમ લિંકન એરક્રાફ્ટ કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ સાથે તૈનાત આઠ નાવિકોએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. એમ નેવીના ટોચના નાગરિક નેતાએ આ અઠવાડિયે જણાવ્યું હતું.

ન્યૂયોર્કના ડેમોક્રેટ સેનેટર કિરસ્ટેન ગિલિબ્રાન્ડે ગયા મહિને સ્ટ્રાઈક ગ્રુપના હજારો ક્રૂ સભ્યો વિશે પૂછપરછ કર્યા પછી એક્ટિંગ નેવી સેક્રેટરી હંગ કાઓએ મંગળવારની તારીખના એક પત્રમાં આ માહિતી પૂરી પાડી હતી.

લિંકનની લંબાવવામાં આવેલી તૈનાતીએ ક્રૂના માનસિક તણાવ અને નબળા માનસિક સ્વાસ્થ્ય તેમ જ ખોરાક અને સ્વચ્છતાની વસ્તુઓ સહિતના પુરવઠાની અછતના અહેવાલો પછી દેશનું ધ્યાન ખેંચ્યું હતું.

ગિલિબ્રાન્ડે કાઓને ખાસ પૂછ્યું હતું કે, શું ત્યાં કોઈ આત્મહત્યા થઈ છે.

એસોસિએટેડ પ્રેસ દ્વારા પ્રાપ્ત કરાયેલા અને અગાઉ સીએનએન દ્વારા અહેવાલ આપવામાં આવેલા આ પત્રમાં કાઓએ લખ્યું, ''આ તૈનાતી દરમિયાન જહાજ પર કોઈ આત્મહત્યા થઈ નથી.''

''લિંકનની તૈનાતીની શરૂઆતથી સમગ્ર સ્ટ્રાઈક ગ્રુપમાં આત્મહત્યાના કુલ આઠ પ્રયાસો થયા છે – આ સંખ્યામાં લિંકનના ક્રૂ અને કેરિયર વિંગ, સ્ટ્રાઈક ગ્રુપ અને ડિસ્ટ્રોયર સ્ક્વોડ્રનના સ્ટાફ સાથે રહેલા ડિસ્ટ્રોયર્સ અને જહાજ પર રહેલા તમામ એવિએશન સ્ક્વોડ્રનના નાવિકોનો સમાવેશ થાય છે.''

# પાર્ક કરેલી ટ્રક સાથે કાર અથડાતાં ઝારખંડના મંત્રીની પુત્રી સહિત 4નાં મોત

જમશેદપુર (ઝારખંડ), તારીખ 24 (પીટીઆઈ): ગુરુવારે જમશેદપુર શહેરમાં તેમની કાર એક ઊભેલી ટ્રક સાથે અથડાતાં ઝારખંડના મંત્રી દીપિકા પાંડે સિંહની પુત્રી ત્રિશા સહિત ચાર લોકોનાં મોત નિપજ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ અકસ્માત સોનારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મરીન ડ્રાઈવ રોડ પર વહેલી સવારે સર્જાયો હતો.

સોનારી પોલીસ સ્ટેશનના પ્રભારી સંજય સુમને જણાવ્યું હતું કે, "ગામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી દીપિકા પાંડે સિંહની પુત્રી ત્રિશા સિંહ સહિત ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયાં છે... અન્ય મૃતકોની ઓળખ સાર્થક અગ્રવાલ, નમન ગુપ્તા અને વંશિકા ખંડેલવાલ તરીકે થઈ છે."

ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ મનોજ ઠાકુરે જણાવ્યું હતું કે, કારમાં સવાર તમામ ચારેય મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાસ્થળનાં દશ્યો દર્શાવે છે કે, ટ્રક ફોર-લેન હાઈવે પર ડિવાઈડરની નજીક જમણી બાજુએ પાર્ક કરેલી હતી અને તેની પાછળ એક નાની ઝાડની ડાળી મૂકવામાં આવી હતી, જે દર્શાવે છે કે તે બગડી ગઈ હતી અને તેને ખસેડી શકાઈ ન હતી. જોકે, રોડ પર કોઈ રિફ્લેક્ટર ચિહ્નો જોવા મળ્યા ન હતા. ટ્રકની પાછળ કાર સંપૂર્ણપણે કચડાઈ ગયેલી હાલતમાં જોવા મળી હતી.

ઝારખંડના રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર અને મુખ્યમંત્રી હેમંત સોરેને આ મોત પર શોક વ્યક્ત કર્યો હતો.

રાજ્યપાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, "જમશેદપુરમાં નેશનલ હાઈવે પર માર્ગ અકસ્માતમાં ઝારખંડ સરકારનાં ગ્રામીણ વિકાસ મંત્રી દીપિકા પાંડે સિંહજીની પુત્રીના અકાળે અવસાનના સમાચાર અત્યંત હ્રદયદ્રાવક અને આત્માને કંપાવી દેનારા છે."